
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ગમે તે આવીને કહી જાય તેવુ હું માનવાની નથી... મોદીજી ગયા વખતે આવીને કહ્યુતુ એમ કે તો સાચુ....!!






ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવો ઝુંબેશ ચલાવાઈ રહી છે. માર્ગોને અડચણરૂપ હોય તેવા દબાણો તુર્તજ હટાવી દેવાય છે. સેક્ટર-૧૧માં લારી-ગલ્લાના દબાણો મોટી સંખ્યામાં દૂર કરાયા હતા. દબાણો વધુ હોવાથી ઢોર પકડવાની ગાડીમાં લારી-ગલ્લા લઈ જવાયા હતા.

# તું મને રૂ.૫૦૦ કયારે પરત કરીશ તેમ કહી ત્રણ શખ્સોએ યુવકને માર માર્યો

ગાંધીનગર,તા.૨૦

શહેરના સેકટર-૧૭ છ ટાઈપ બ્લોક નં.૧૨૦-૬ ખાતે દિનેશજી પ્રભુજી ઠાકોર પરિવાર સાથે રહે છે અને છુટક મજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત રોજ રાત્રીના સાડાઅગીયાર વાગ્યાના અરસામાં દિનેશ ઠાકોર ચાલીને આદિવાડાથી પ્રેસ સર્કલ જઈ રહ્યો હતો. તે સમયે શંકરભાઈ કગાસીયા, અરવિંદ ધર્માભાઈ કગાસીયા અને ગણેશ ચાવડા દિનેશ પાસે ગયા હતા. તે સમયે અરવિંદ ધર્માભાઈ કાગસીએ જણાવ્યું હતું કે તુ અમારી સાથે ચાલ અમારે તારુ કામ છે. જેથી દિનેશ ત્રણેય મિત્રો સાથે ચાલતો ચાલતો ગયો હતો. જીઆઈડીસી વિસ્તારમાં કલપતરુ નજીક રેલ્વે ફાટક પાસે ગયા હતા. તે સમયે અરવિંદભાઈ કહ્યુ કે અમે તને હાથ ઉછીના ૫૦૦ આપ્યા છે તો તુ મને ક્યારે પરત કરીશ. જેથી દિનેશે કહ્યુ કે હાલ મારી પાસે નથી મારી પાસે આવશે એટલે હુ તને રૂપીયા આપી દઈશ. તેમ કહેતા અરવિંદભાઈ ઉશ્કેરાઈ જઈને કમરપટ્ટો કાઢીને બરડાના ભાગે મારવા લાગ્યો હતો. અરવિંદનુ ઉપરાણુ લઈ શંકરભાઈ અને ગણેશ નાગરભાઈ ચાવડા પણ જેમ ફાવે તેમ ગાળાગાળી કરી હતી. દિનેશે ગાળો બોલવાની ના પાડતા ગડદાપાટુનો માર માર્યો હતો.અરવિંદભાઈને તે લીધેલા રૂપીયા પાછા આપી દે જે નહીતર તો તને જાનથી મારી નાંખીશુ તેમ ધમકી આપી ત્રણેય જણા પલાયન થઈ ગયા હતા. જયારે બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ડેપોમાંથી ટેકનીકલ એજ્યુકેશન વિભાગના કલાર્કના આઈફોનની ચોરી

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર શહેરના એસટી ડેપોમાં છેલ્લા કેટલાક સમયથી મોબાઈલ ચોરી કરતી ટોળકી સક્રિય થઈ છે.

બસમાં બેસવા જતા મુસાફરોના મોબાઈલ સરળતાથી સેરવી લે છે. જયારે શહેરના ડેપોમાંથી અનેક મુસાફરોના મોબાઈલ ચોરી થવા છતા ડેપો તંત્ર દ્વારા નિરસતા દેખાઈ રહી છે. ત્યારે કર્મયોગી ભવન ખાતે ટેકનીકલ એજ્યુકેશન વિભાગમાં ફરજ બજાવતા કલાર્કનો આઈફોન-૧૩ ચોરી થયો છે.

બનાવ અંગે યુવકે પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના કોલવડા ગામના અને હાલ પેથાપુર પાર્થ સોસાયટી ખાતે રહેતા ભાર્ગવ પોપટભાઈ ચૌધરી સે-૧૦ કર્મયોગી ભવનમાં ટેકનીકલ એજ્યુકેશન વિભાગમાં સિનિયર કલાર્ક તરીકે ફરજ બજાવે છે. ગત તા.૧૨ ના રોજ તેઓ વતન જવા માટે સાંજના સમયે બસની રાહ જોઈને ઉભા હતા.

તે સમયે ડેપો ખાતે પ્લેટફોર્મ નં.૧૦ બસની રાહ જોઈને ઉભા હતા તે સમયે કાલીયાકુવા બસ આવતા ધક્કામુકી થઈ હતી.

ભાર્ગવભાઈ પણ બસમાં બેસવા જતા સમયે ભીડભાડમાં જીન્સ પેન્ટના ડાબી બાજુના ખીસ્સામાંથી આઈફોનની ચોરી કરી લીધી હતી. યુવકે મોબાઈલ ચોરી અંગે બસમાં તેમજ નીચે ઉતરી શોધખોળ આદરી હતી.

પરંતુ મોબાઈલ મળી આવ્યો ન હતો. ત્યારબાદ યુવક વતન જતો રહ્યો હતો.

ત્યારે વતનથી પરત ફરી રૂ.૭૪ હજારના મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ચોર ટોળકી આઈફોન હોય તેવા મુસાફરોને નિશાન બનાવતી લાગે છે.

# પ્રાંતિયા બ્રીજ પાસે ડમ્પર પાછળ ટ્રક અથડાતા ડ્રાઈવરને ઈજા

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર નરોડા-હિંમતનગર હાઈ વે માર્ગ પર પ્રાંતિયા બ્રીજ પાસે પુરઝડપે અને ગફલતભરી રીતે ટ્રક ચલાવી આગળ ઉભા રહેલા ડમ્પરને પાછળથી ટકરાતા અકસ્માત સર્જાયો હતો.જેમાં ટ્રકના આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો. ત્યારે ડ્રાઈવરને પેટના ભાગે ઈજા પહોંચતા સારવાર હેઠળ છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ સોલા-ભાગવત સુર્યાઈ બંગ્લોઝ મકાન નં.૧૨ ખાતે મયંકકુમાર જનુભાઈ પટેલ પરિવાર સાથે રહે છે. તલીન એન્ટરપ્રાઈઝમાં રેતી કપચીનું ટ્રેડીંગ કરે છે. તેઓની પાસે ૧૦ અલગ અલગ ગાડીઓ છે. જેમાં ટ્રક નં. જી.જે.૨૩.એ.ટી.-૫૪૬૫ નંબરની ટ્રક હરસોલ થી અમદાવાદ કપચીમાં ગાડી ફરે છે. જે ગાડી અમારી કંપનીના નામે છે. ત્યારે ગત તા.૧૮ ના રોજ મયંકભાઈ ઘરે હાજર હતા.તે સમયે પોણા એક વાગ્યાના અરસામાં તેમના ઘરે ફોન કર્યો હતો.

અમારા ડ્રાઈવર પૃથ્વીસિંહ હરીસિંહ ઝાલા (અંતોલા) ના મોબાઈલ પરથી ફોન આવ્યો હતો. કોઈ અજાણી વ્યકિતએ ફોન ઉપાડી તમારી ગાડી નં. જી.જે. ૨૩.એ. ટી.૫૪૬૫ આજે સવારે બપોરના સાડા બાર વાગ્યાન સુમારે નરોડા થી હિંમતનગર જતા માર્ગ પર પ્રાંતિયા ગામના બ્રીજ પાસે સાઈડમાં ઉભી રહેલી ટ્રકને પાછળથી જોરદાર ટકરાતા અકસ્માત સર્જાયો હતો. જયારે તમારા ડ્રાઈવરને ઈજા પહોંચી છે. જેથી મયંક પટેલ તાત્કાલીક અકસ્માતના સ્થળ પર પહોંચી ને આગળના ભાગે અકસ્માત થવાના પગલે મોટીસંખ્યામાં નુકશાન થયું હતું. જયારે ટ્રકને રીપેરીંગ માટે આશીષ મોટર્સ ખાતે મોકલી આપી હતી. તે ઉપરાતં ડ્રાઈવરને શરીરે તેમજ પેટના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર હેઠળ છે. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



કલોલ તાલુકાના મોખાસણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આશા બહેનો સાથે મીટિંગ યોજાઈ હતી.જેમાં જીલ્લા કક્ષાથી જીલ્લા એસ.બી.સી.સી ટીમ ના ડૉ.નેહલ ગજેરા, કેયુર જયસ્વાલ એ હાજરી આપી હતી.આ આશા મિટિંગમાં આશા બહેનોને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું હતું. જેમાં " Kangaroo Mother Care (KMC)"ની પદ્ધતિઓ અને તેના મહત્વ વિષે જાણકારી આપવામાં આવી અને કાંગારુ મધર કર નું શું મહત્વ છે.તેના ફાયદા વિશે માહિતી સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

## આઈટીઆઈ ખાતે સમર સ્કિલ વર્કશોપ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

સરકારી આઈ.ટી.આઈ. કલોલ, આરસોડીયા ખાતે ઉનાળુ વેકેશનમાં શાળાના ધોરણ-૮ કે તેથી વધુ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સમર સ્કીલ વર્કશોપનું તા. ૨૨-૫-૨૦૨૩ થી તા. ૨૬-૫-૨૦૨૩ દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં અલગ અલગ ૧૬ જેટલી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં કોમ્પ્યુટર સેક્ટર, ઈલેકટીકલ સેક્ટર, ગારમેન્ટ સેક્ટર, ફેબ્રિકેશન સેક્ટર, ઓટોમોબાઈલ સેક્ટર, આઈટી સેક્ટર વગેરેની બેઝિક કૌશલ્ય જ્ઞાન આપવામાં આવશે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે સિવિલના નિ:શુલ્ક આહાર કેન્દ્રની મુલાકાત લીધી



ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ચાલી રહેલા નિ:શુલ્ક આહાર કેન્દ્રની આજે સાંજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે મુલાકાત લીધી હતી. આ પ્રસંગે અમિતભાઈ શાહે ભોજન લઈ રહેલા દર્દીના સગાઓ સાથે વાતચીત પણ કરી હતી.જયારે આ મુલાકાત દરમિયાન હોસ્પિટલ સ્ટાફના અધિકારી- કર્મચારીઓ પણ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગુજરાત સાહિત્ય અકાદમી અને શબ્દશ્રી આયોજિત ત્રિદિવસીય 'ગઝલોત્સવ' સંપન્ન

ગાંધીનગર,તા.૨૦

તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી અને શબ્દશ્રી આયોજિત એચ. કે. કૉલેજ હોલમાં સતત સાતમાં વર્ષે યોજાયેલ 'ગઝલોત્સવ' સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

જેમાં ગુજરાતના ૭૫ કલાકારો એમની કલાપ્રસ્તુતિ કરી હતી.

આ મહોત્સવનું ઉદઘાટન ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને જાણીતા સાહિત્યકાર ભાગ્યેશ જહાએ કર્યું હતું અને સમાપન સુખ્યાત શિક્ષણવિદ, લેખક મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ કર્યું હતું. નવભારત સાહિત્ય મંદિરના મહેન્દ્રભાઈ શાહને શ્રેષ્ઠ પ્રકાશક-વિક્રેતાના એવોર્ડથી સન્માનિત કર્યા હતા. કવિશ્રી તુષાર શુક્લ, દલપત પઢિયાર, આર.જે. દેવકી, રમેશ ચૌહાણ, જિતેન્દ્ર જોશી, અશોક ચાવડા, રક્ષા શુક્લ, જિગર ઠક્કર,




મુકેશ જોશી વગેરેએ કાવ્યપાઠ કર્યો હતો. મનોજ શાહ દિગ્દર્શિત સદીના સર્વશ્રેષ્ઠ શાયર મરીઝના જીવન-કવન આધારિત સદીનું સર્વશ્રેષ્ઠ નાટક 'મરીઝ' કલાકારોના કાફલા સાથે ભજવાયું હતું. જાણીતા ગાયક શ્યામલ-સૌમિલ-આરતી મુનશી, નયન પંચોલી, માયા દીપક, ડૉ. ફાલ્ગુની શશાંક, ઊર્મિશ મહેતા-વૈશાલી મહેતા, વનરાજ શાસ્ત્રી, પ્રથા ખાંડેકર, રાગ પટેલ, ડૉ. કૃતિ મેઘનાથી ઈત્યાદિ ગાયકો પોતાની ગાયકી રજૂ કરી હતી. સુપ્રસિદ્ધ સંગીતકાર મયુર દવેએ સંકલન અને જાણીતા ગઝલકાર હરદ્વાર ગોસ્વામીએ સંચાલન કર્યુંહતું. સતત ત્રણ દિવસ ચાલેલા 'ગઝલોત્સવ'ને માણવા મોટી સંખ્યામાં ભાવકો ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં ગરમીના પ્રકોપની અસરો જનજીવન પર વિપરીત જોવા મળી રહી છે.
- ગાંધીનગર શહેરમાં ટ્રાફિકનું ભારણ ગરમીના પ્રકોપને લઈ ઘટવા પામ્યુ છે.
- વિકાસ કમિશનરશ્રીએ આજે પંચાયતોના નવા મકાનો, જમીન સહિતના મુદ્દાઓ પર અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા કરી હતી.
- જિલ્લા પંચાયતના નવનિયુક્ત કાર્યપાલક ઈજનેરે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- ગાંધીનગરના કલોલમાં આઈટીઆઈ ખાતે સમર સ્કિલ વર્કશોપ ૨૨ થી ૨૬ મે દરમ્યાન યોજાશે.
- સે. ૧૩ સ્થિત ચાણક્યભવન ખાતે માનસ આચાર્ય પુસ્તકાલયનો પ્રારંભ પ્રસિદ્ધ રામાયણ કથાકાર પૂ. મોરારીબાપુના હસ્તે કરવામાં આવ્યો છે.
- ગાંધીનગરમાં ગિફ્ટસીટી ખાતે ચાલતી રામકથામાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, ભાજપના પ્રવક્તા હિતેન્દ્ર પટેલ સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી.
- પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની ૩૨મી પુણ્યતિથિ નિમિત્તે આજે કોંગ્રેસ દ્વારા કૈલાસધામ, મગોડી રાહેલ બા વૃધ્ધાશ્રમ ખાતે ફળોનું વિતરણ કરવામાં આવશે.
- અડાલજ ખાતે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનનો આરંભ થયો છે.
- કલોલ ઓ.એન.જી.સી.ના ગેસ સ્ટેશનમાં મોકડ્રીલનું આયોજન કરાયુ હતુ.
- ઈસનપુર મોટા ગામે બ્રહ્માણી માતાના મંદિરે પાટોત્સવનું આયોજન કરાયુ હતુ.
- ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબના હોદ્દેદારોની આજે ગેઝીયા હોલમાં સાંજે ૬ વાગે શપથવિધિ સમારોહ યોજાયો છે.
- માનવ સેવા મંડળ અને વી.કેર સંસ્થા દ્વારા ઉવારસદમાં જરૂરીયાતમંદોને કીટ અને પગરખાંનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.
- કલોલના કરજીસણ ગામે સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવની ઉજવણી સંતો-મહંતોની હાજરીમાં કરાઈ હતી.
- ગાંધીનગર શહેરની સીટી બસો નિયત સ્ટેન્ડ પર ઉભી નહિ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- જિલ્લાની કચેરીઓમાં મુલાકાતીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર શહેરમાં ૧૭/૨૨ નજીક મેટ્રોનુ કામ ચાલતુ હોવાથી એન્ટ્રી પોંઈટ બંધ થતાં બન્ને સેકટરોના રહીશોની મુશ્કેલી વધી છે.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો પણ વધવા પામી છે.

# ચંદ્રાલા મુક્તિધામમાં અંધશ્રદ્ધા નિર્મુલન માટે ભજન-સત્સંગ કાર્યક્રમ યોજાયો

## સમસ્ત ગ્રામજનો ધાર્મિક કાર્યક્રમમાં જોડાયા



ચિલોડા, તા. ૨૦

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા મુક્તિધામ ખાતે ખાસ અંધશ્રદ્ધા નિર્મુલન અંતર્ગત ભજન સત્સંગ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાં ધર્મના નામે અંધશ્રદ્ધા-વહેમ-ગેરમાન્યતા વધુ જોવા મળે છે. ત્યારે જનજાગૃત્તિના ભાગરૂપે સમાજમાં સ્મશાનગૃહ અંગે વિવિધ ગેર સમજો, ગેર માન્યતાઓ, વહેમો, અંધશ્રદ્ધાઓ પ્રવર્તી રહી છે. ત્યારે આવી ગેરવ્યાજબી બાબતોથી દૂર રહેવા અને અફવાઓનું ખંડન થાય તેવા હેતુસર ચંદ્રાલા ગામના જાગૃત નાગરિકો દ્વારા મુક્તિધામમાં અંધશ્રદ્ધા નિર્મુલન કાર્યક્રમના ભાગરૂપે વિશિષ્ટ સમગ્ર ગ્રામજનોએ ભજન-સત્સંગ કાર્યક્રમ રાત્રે ૧૨ વાગ્યા સુધી યોજાયો હતો. જેમાં ગામના સરપંચ શિલ્પાબેન આર. પટેલ અને ગ્રામ પંચાયતના સભ્યો અને ગામના સમસ્ત જ્ઞાતિના ભાઈ-બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# વાવોલ ગામના ઠાકોરવાસમાં સામાન્ય મુદ્દે યુવકને માર માર્યો

ગાંધીનગર,તા.૨૦

વાવોલ ગામના ઠાકોરવાસમાં સામાન્ય બાબતે માથાકુટ થતા લાકડીઓ ઉછળી છે. એક યુવકને ગડદા પાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ત્રણ શખ્સો સામે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલ સર્વોદય શોંપીગની સામે રાવળવાસ ખાતે રહેતા અજય બાબુભાઈ રાવળ કડીયા કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે આજે ગામના રાવળ વાસ ખાતે કડીયાકામની મજુરીનું કામ ચાલુ હતું. જેથી ત્રિકમ પાવડાની જરુર હોવાથી વાવોલ ઠાકોર વાસ ખાતે અંબાલાલ ઠાકોરના ઘરે વ્યકિત ગયો હતો. તેને ત્રિકમ પાવડાની જરુર હોવાથી મને આપો.જેથી તેઓએ કહ્યું કે પહેલા તુ મારા મકાનની બારીઓનુ કામ પુરૂ કરી દે પછી આપીશ તેમ કહેતા અજય રાવળે જણાવ્યું કે તમે મને પૈસા આપશો ત્યારે કામ પુરુ કરીશ. તેમ કહેતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા. અંબાલાલ જેમ ફાવે તેમ ગાળાગાળી કરી રહ્યા હતા તે સમયે તેમનો દિકરો ઉપરાણુ લઈને આવ્યો હતો અને અજયને ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ ભીમાભાઈ શનાભાઈ ઠાકોર આવ્યો હતો. તેને હાથમાં રહેલી લાકડી અજયને માથાના ભાગે મારતા લોહી નીકળવા લાગ્યું હતું.જયારે અંબાલાલ ઠાકોરે જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તે સમયે અજયના પિતા બાબુભાઈ આવતા વધુ મારમાંથી છોડાવ્યો હતો. જયારે ઈજાગ્રસ્તને સારવાર માટે લઈ ગયા હતા.બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જિલ્લાના સાદરા ગામમાં આડેધડ પાર્કિંગથી રાહદારીઓ ત્રાહિમામ્

ગાંધીનગર,તા.૨૦

ગાધીનગર ના સાદરા ગામમાં છેલ્લા ઘણા સમયથી ગામમાં આવેલ રસ્તા પર વાહન ચાલકો તથા ગેરકાયદેસર રેતી ભરી આવતા ટ્રેકટર ના આડેધડ પાર્કિંગ થી ગામ નો મુખ્ય રસ્તો સવાર સાંજ બ્લોક થઈ જાય છે અને રાહદારીઓ ને અવરજવર માં ખૂબ મુશ્કેલીઓ નો સામનો કરવો પડી રહ્યો છે આ અંગે અનેક રજૂઆત કરવા છતાં કોઈ ફેરફાર થયો નથી તેથી લોકો માં રોષ જોવા મળી રહ્યો છે આ ઉપરાંત આ રસ્તે થી સુપ્રસિદ્ધ જક્ષણી માતા એ જવા માટે નો રસ્તો હોવાથી રોજ દર્શન કરવા આવતા બહાર ગામના વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે અહીં આજુબાજુ અનેક દુકાનો



આવેલી તેથી માલ સામાન લેવા આવતા લોકો રસ્તા વચ્ચે પોતાનું વાહન મુકી દેતા હોવાથી ટ્રાફિક જામ થઈ જાય છે વળી સવારે ગેરકાયદેસર રેતી ભરીને પચાસ જેટલા ટ્રેકટર ચાલકો પસાર થતા હોવાથી લોકોને અકસ્માત નો ભય પણ સતાવી રહ્યો છે સાદરા ખાતે આઉટ પોલીસ સ્ટેશન હોવા છતાં સ્થાનિક પોલીસ મૂક પ્રેક્ષક બની તમાશો જોવાનું કામ કરતી હોવાથી લોકો માં ભારે રોષ જોવા મળી રહ્યો છે ત્યારે સાદરા ગામ ના રસ્તાઓ પરથી આડેધડ પાર્કિંગ કરતાં આવા વાહન ચાલકો સામે કાર્યવાહી કરવા માંગ ઉઠી છે